# કચ્છીમાડૂ સેવા હાજી પારુ પૂર્વ આફ્રિકાના ‘તાજ વિનાના રાજા’

**ઘટ ઘટ પાની**
★ માવજી મહેશ્વરી

૧૮મી અને ૧૯મી સદી દરમિયાન કચ્છના વેપારીઓ દરિયો ખેડીને ખાડીદેશો અને પૂર્વ આફ્રિકાના અંતરિયાળ વિસ્તારોમાં લોકોનો વિશ્વાસ સંપાદન કરીને પોતાના વેપારી સામ્રાજ્યો ઊભા કર્યા હતા. એવું એક કચ્છી નામ છે સેવા હાજી પારુ. માત્ર ૪૬ વર્ષના જીવનમાં તેઓ પૂર્વ આફ્રિકાના તાજ વિનાના રાજા કહેવાયા. ૧૮૫૦ના વર્ષમાં સેવાના પિતા હાજી પારૂ પ્રધાન અને હાજીના ભાઈ ઝફર પારૂ પ્રધાને કચ્છ છોડવાનું સાહસ કર્યું. તેઓ માંડવીના દરિયાકાંઠેથી ઝાંઝીબાર પહોંચ્યા અને ઝાંઝીબારથી તે સમયના તાન્ઝાનિયાના બાગામોયામાં સ્થિર થયા. તે વખતે એ વિસ્તાર જર્મનીના તાબામાં હતો અને ‘જર્મન ઈસ્ટ આફ્રિકા’ કહેવાતો હતો. કચ્છથી ગયેલા હાજી પારુ પ્રધાનને ઘેર ૧૮૫૧માં પુત્રનો જન્મ થયો, જેનું નામ સેવા પાડવામાં આવ્યું. પણ સેવા હજુ નાનો હતો ત્યારે જ તેના જીવનમાં એવું બન્યું કે ઘર, વેપારની જવાબદારી તેમના માથે આવી પડી, પણ એ છોકરો આગળ જતાં એટલી નામના કમાયો, એટલું ધન કમાયો અને સેવા કાર્યો કર્યા કે આજે પણ ત્યાંના લોકો એમને યાદ કરે છે.

ભારતીય ઈતિહાસના અભ્યાસુ ડૉ. છાયા ગોસ્વામીએ તેમનાં પુસ્તક ‘ગ્લોબલાઈઝેશન બીફોર ઈટ્સ ટાઈમ’માં સેવા હાજી પારૂના જીવન વિશે લખ્યું છે. ‘કચ્છથી આફ્રિકા ગયેલા સેવાના પિતા હાજી પારૂ પ્રધાને ૧૮૫૨માં ટાંગાન્યિકામાં એક જનરલ સ્ટોર ખોલ્યો હતો અને ધીમે ધીમે તેમની પ્રગતિ શરૂ થઈ. ૧૮૬૯માં જ્યારે તેમનો પુત્ર સેવા હજુ ધંધાની આંટીઘૂંટીઓ શીખી રહ્યો હતો ત્યારે જ સેવાના મોટા બે ભાઈઓનું મૃત્યુ થયું આથી, માત્ર ૧૮ વર્ષના સેવા ઉપર પિતાની ખોલેલી કંપની ‘હાજી કાનજી’ને સંભાળવાની જવાબદારી આવી ગઈ. ડૉ. ગોસ્વામી આગળ લખે છે, ‘સેવાને એવું લાગ્યું કે ઝાંઝીબાર વધુ પડતું ભીડભાડવાળું બજાર છે. આથી, તેમણે વધુ જોખમી પરંતુ ઓછી સ્પર્ધા ધરાવતા ‘કારવા ફાઈનાન્સિંગ’ (વિવિધ માલસામાન લઈ જતા કાફલાઓને નાણાકીય સહાય આપવાના)ના ધંધામાં ઝંપલાવવાનું નક્કી કર્યું.’ સેવા હાજી પારુએ એ ગાળામાં કાપડ, તાંબાના વાયરો અને બ્રાસના ઘડા સપ્લાયનું કામ શરૂ કર્યું. સાથોસાથ તેમણે આ બધી વસ્તુઓની હેરફેર માટે મજૂરો પણ શોધી આપવાનું કામ શરૂ કર્યું અને તેના



**૧૮૫૦ના વર્ષમાં સેવાના પિતા હાજી પારૂ પ્રધાન અને હાજીના ભાઈ ઝફર પારૂ પ્રધાને કચ્છ છોડવાનું સાહસ કર્યું. તેઓ માંડવીના દરિયાકાંઠેથી ઝાંઝીબાર પહોંચ્યા અને ઝાંઝીબારથી તે સમયના તાન્ઝાનિયાના બાગામોયામાં સ્થિર થયા**

કારણે તેમના ધંધાનો વ્યાપ વધ્યો. અન્ય લેખક શિરિન વાલજીએ ‘અ હિસ્ટ્રી ઑફ ધી ઈસ્માઈલી કૉમ્યુનિટી ઈન તાન્ઝાનિયા’ વિષય પર પીએચ.ડી. કર્યું છે. તેમાં તેમણે સેવા હાજી પારૂના વેપાર વિશે લખ્યું ‘ડૉ. હૅન્સ મેયેર અને સેવા હાજી પારૂ વચ્ચે થયેલા એક કરારથી એ જાણવા મળે છે કે એ સમયે તેમનો ધંધો કેટલો નફાકારક હતો. કિલિમાન્જારો તરફ સામાન લઈને જતા તેમના કાફલામાં લગભગ ૫૦ ટકા નફો થતો હતો. ડૉ. મેયેર સેવા હાજીને દર મહિને એક મજૂર માટે ૧૧ ડૉલર આપતા હતા અને સેવા હાજી મજૂરોને લગભગ 6 ડૉલર જેટલી ચુકવણી કરતા. ડૉ. છાયા ગોસ્વામી લખે છે એ મુજબ, ‘તેમના ગ્રાહકોમાં માત્ર આરબ કે આફ્રિકન લોકો જ નહોતા, પરંતુ યુરોપ-અમેરિકાના વેપારીઓ, ખ્રિસ્તી મિશનરીઓ અને દેશ-દેશાંતરનું ભ્રમણ કરતા લોકો પણ હતા.’

શિરિન વાલજી લખે છે, ‘૧૮૯૧ સુધીમાં તેમનો વેપાર ખૂબ વધી ગયો હતો. જે રસ્તાઓ પર માલસામાનના કાફલા જતા હતા એમાંથી મોટા ભાગની જગ્યાઓએ પોતાના સ્ટોર ખોલી દીધા હતા. તાબોરા, યુજીજી, મ્વાન્ઝા અને લેક વિસ્તારમાં આવેલા તમામ પૉઈન્ટ્સ પર તેમના સ્ટોર હતા’ ૧૮૯૦ સુધીમાં જર્મન ઈસ્ટ આફ્રિકાના અંતરિયાળ વિસ્તારોમાં તેમનું વેપારમાં એકચક્રી રાજ સ્થપાઈ ગયું હતું. ઈસ્માઈલી સમુદાયના લોકોમાં ઝાંઝીબારમાં લગભગ સૌથી પહેલાં સમૃદ્ધ વેપાર કરનારા લોકોમાં સેવા હાજી પારૂનો સમાવેશ થતો હતો.

‘ધી માઈગ્રેશન ઑફ ઈન્ડિયન્સ ટુ ઈસ્ટર્ન આફ્રિકાઃ અ કેસ સ્ટડી ઑફ ઈસ્માઈલી કમ્યૂનિટીઃ ૧૮૬૬-૧૯૬૬’ શીર્ષકથી અઝીઝેદ્દીન તેજપારે એક સંશોધનપત્ર લખ્યું છે, જે યુનિવર્સિટી ઑફ સેન્ટ્રલ ફ્લોરિડા દ્વારા પ્રકાશિત થયું છે. તેઓ લખે છે, ‘ઝાંઝીબારના સુલતાન સાથે તેમના મિત્રતાભર્યા સંબંધો હતા. તેમણે સુલતાન સાથે કરાર કર્યો હતો કે તમામ સરકારી ખેતરોમાં ઊગતો પાક સેવા હાજી પારૂ થકી જ વેચવામાં આવે. જોકે, આ કૉન્ટ્રાક્ટ નવ મહિનાથી વધુ ચાલ્યો નહોતો, કારણ કે આ કૉન્ટ્રાક્ટ થયા પછી તેમનું નવ મહિનામાં જ મૃત્યુ થઈ ગયું હતું. તે પછી ઈસ્ટ આફ્રિકામાં ૧૯મી સદીના અંત ભાગમાં સેલિબ્રિટી સ્ટેટસ ધરાવતા અલીદિના વિસરામ પણ કચ્છથી આવીને સેવા હાજી પારૂના ધંધાને સંભાળ્યો હતો અને અન્ય દેશોમાં ફેલાવ્યો હતો’

‘ફ્રેન્ડ્સ ઑફ મૉમ્બાસા’ નામની વેબસાઈટના લેખક મોહિબ ઈબ્રાહિમ લખે છે કે,’ સેવા હાજી પારૂએ જર્મન સરકાર તરફથી માનદ ઉપાધિ મેળવનાર પ્રથમ એશિયન હતા. તેમના જીવનકાળ દરમિયાન જ તેમણે બાગામોયો, ઝાંઝીબાર અને દાર-એસ-સલામમાં રહેતા ઈસ્માઈલી સમુદાયના લોકોને અને ખૂબ દાન આપ્યું હતું.’ માત્ર ૪૬ વર્ષનું જીવન જીવેલા સેવા હાજી પારૂની પૂર્વ આફ્રિકા તાજ વગરના રાજા’માં ગણના થાય છે.

---



# દેખાવે કદરૂપો પણ ગુણે સોના જેવો આપણો ‘દેશી બાવળ’

**આપણી આસપાસ**
★ મિત્તલ પટેલ

ઉનાળાની આકરી બપોર. બનાસકાંઠાના વાવ-થરાદ પંથકની રેતાળ ધરતી પર સૂર્યનારાયણ આકરા પાણીએ તપતા હતા. આવામાં દિયોદર તાલુકાના ભેંસાણા ગામે અમે ગામના સીમતળાવનો જીર્ણોદ્ધાર કરી રહ્યા હતા. જેસીબી મશીનો માટી ઉલેચવાનું કરતા ને ગામના લોકો ટ્રેક્ટર લઈને માટી ભરવા આવી રહ્યા હતા. આખુ દશ્ય સીમ તળાવને જાણે નવું રૂપ ધારણ કરવા તૈયાર કરતું હોય એવું લાગી રહ્યું હતું. આવા બળબળતા તાપમાં છાંયો સૌ કોઈ શોધે. અમે પણ તળાવની વચ્ચોવચ આવેલા દેશી બાવળના છાંયે બેઠા.

તળાવ ખોદાતું હોય એટલે માટી ઉપાડવાવાળા સિવાય ગામના વડીલો ખાસ તળાવની પાળ પર આવીને બેસે. ખોદવાવાળાને જરૂર પડે શીખામણના બે શબ્દો પણ કહે. અમે તળાવમાં પહોંચ્યા ત્યારે પણ વડીલો તળાવની પાળે આવેલા દેશી બાવળ છાંયે બેઠા હતા. અમે તો સીધા તળાવ ખોદાતું હતું ત્યાં પહોંચ્યા ને તાપથી બચવા તળાવની અંદર ઊભેલા દેશી બાવળના છાંયે બેઠા. અમને જોઈને ધીમે ધીમે વડીલો પણ અમારી પાસે આવ્યા. સારુ કામ થયાની સૌએ વાત કરી. અમે કહ્યું, “અમે તળાવનો જિર્ણોદ્ધાર કર્યો પણ હવે તમે કાયમ આવું ને આવું ખોદેલું રાખજો. દર વર્ષે તળાવમાં આવતો કાંપ કાઢજો. એમાં ઝાઝો ખર્ચો નહીં થાય.”અમારી વાતમાં સૌએ હુંકાર ધર્યો. એટલામાં ત્યાં ઊભેલા વડીલોમાંથી એક વયોવૃદ્ધ કાકાએ સહજતાથી કહ્યું, “તળાવ તો હવ આવું ને આવું રાખશું. પણ મારી એક વાત કોને ધરો તો હારુ.”એમ કહીને એમણે એમની વાતને આગળ વધારતા કહ્યું, “આ તમે આટલુ હારુ કોમ કર્યા પસી આ તળાવમો ઊભેલા બાવળિયા ઈમના ઈમ રાખો તો એ રૃપાળુ નથી લાગતુ. કોટાવાળા ઝાડ તળાવની શોભા બગાડી નોખ.”

મેં કાકાના ચહેરા સામે જોયું. એમના ચહેરા પર કરચલીઓ હતી ને માથે ફાળિયું (પાઘડી) બાંધ્યું હતું. એમની વાત પરથી તળાવ ને તળાવની પાળે ઊભેલા દેશી બાવળને કાઢી નાખો તો સારુનુ હું સમજી. મેં હસીને પૂછ્યું, ‘કાકા, જો શહેરના લોકો એમ કહે કે, તમારો આ ધોતિયા-ફાળિયાનો પહેરવેશ અમને નથી ગમતો, આ તો જૂનવાણી છે, તો તમને કેવું લાગશે?

મારી વાત સાંભળી કાકા ઘડીભર જાણે થંભી ગયા. પછી હસીને બોલ્યા, ‘મારુ બેટુ... વાત તો તમે હોનાની (સોનાની) કરી હોં! પણ અમારો પહેરવેશ તો અમારી ઓળખ કેહવાય.’ મેં ધીમેથી ઉમેર્યું, ‘બસ કાકા, આ દેશી બાવળ પણ આપણા આ સૂકા મલકની ઓળખ. દેખાવમાં એ ગ્લેમરસ નથી પણ ગુણવાન છે.’ મારી વાતને આગળ વધારતા, “આપણે જેને ‘કાંટાવાળું’ કહીને તિરસ્કારીએ છીએ, તે વાસ્તવમાં કુદરતનું અદ્ભુત સર્જન. દેશી બાવળ (Acacia nilotica) ને ખીજડો (Prosopis cineraria) એ રણ પ્રદેશ ને અર્ધ-શુષ્ક વિસ્તારમાં પાંગરતી જીવસૃષ્ટિના સાચા રક્ષકો. જ્યારે ભયંકર દુષ્કાળ પડે ને મોટા-મોટા બગીચાની શોભા વધારતા વૃક્ષો સુકાઈને લાકડા થઈ જાય, ત્યારે પણ આ દેશી બાવળ ને ખીજડો પોતાની લીલીછમ પાંદડીઓ સાથે અડીખમ ઊભા હોય. આ બાવળના મૂળ જમીનમાં ‘નાઈટ્રોજન’ ઉમેરવાનું કામ કરે. એક રીતે કહીએ તો, કુદરતી ખાતરનું આ કારખાનું. જે જમીનમાં બાવળ હોય તેની આસપાસની માટી ફળદ્રુપ બની જાય. તમારી સીમમાં આ વૃક્ષો આશિર્વાદ સમાન એને કાઢવાના ન હોય ઊલટાનું આપણા શેઢા પાળા પર એને વાવી ઉછેરવાના હોય.”

મારી વાત સાંભળી કાકાએ કહ્યું, “આટલા બધા ગુણ ઈની તો અમન્ ખબર જ નઈ. અમન ઈમક્ હવ પોણી થ્યું તે આ કોટાળા હું કોમના.”

ભેંસાણામાં કાકાએ અમને જે કહ્યું એવી જ વાત અનેક ગામોમાં લોકો કરે. કેટલાક ગામો તો અમને વૃક્ષો વાવી ઉછેરવા પોતાના ગામમાં આમંત્રણ આપે ત્યારે કહે પણ ખરા કે, “ઓય ખૂબ દેશી બાવળિયા હતા અમે બધુ કાઢીને સાફ કરી દીધું.” આ સાંભળી દુઃખ થાય. જમીન સાફ કરવામાં એમણે કેવડું મોટુ નકુશાન એ પણ એમને પોતાને કર્યું એની એમને ખબર નથી. જો કે આ બાબતનું શિક્ષણ આપણે બાળકોને આપતા નથી. બાળકો જ મોટા થઈને દેશ કે ગામની દેખરેખ રાખવાના, આવા સમયે એમણે શું સાચવવાનું,

**મારી વાત સાંભળી કાકા ઘડીભર જાણે થંભી ગયા. પછી હસીને બોલ્યા, ‘મારુ બેટુ... વાત તો તમે હોનાની (સોનાની) કરી હોં! પણ અમારો પહેરવેશ તો અમારી ઓળખ કેહવાય.’ મેં ધીમેથી ઉમેર્યું, ‘બસ કાકા, આ દેશી બાવળ પણ આપણા આ સૂકા મલકની ઓળખ. દેખાવમાં એ ગ્લેમરસ નથી પણ ગુણવાન છે’**

શું કાઢવાનું એનું જ્ઞાન હોવું જરૂરી પણ કમનસીબી એ છે કે, આવું જ્ઞાન મા-બાપ પાસેથી કે મા-બાપના ઘરનો ઉંબરો ઓળંગી બાળક નિશાળમાં જાય જેને આપણે જ્ઞાનનું મંદિર કહીએ ત્યાં પણ બાળકોને મળતું નથી એટલે કાંટાળા ગમતા નથી એવું વાક્ય ઉચ્ચારવાનું થાય.

બનાસકાંઠા, પાટણ એટલે પશુપાલનનો ગઢ. ઉનાળામાં જ્યારે ઘાસનું તણખલું ન મળે, ત્યારે ગાય, ભેંસ ને ખાસ કરીને ઘેટાં-બકરાં માટે આ દેશી બાવળ જીવાદોરી બને. બાવળના પાન ને તેની ‘ફળી’ (શીંગો) પ્રોટીનથી ભરપૂર હોય. આજે પણ જેમની પાસે પોતાની જમીન નથી એવા નાના પશુપાલકો જેઓ ઘેટા બકરાના સહારે જીવે, એમના માટે દેશી બાવળનો પાલો દુકાળ પસાર કરવાનું જાણે માધ્યમ.

તમે ક્યારેય વિચાર્યું છે કે સુઘરી કે ચકલી જેવા અનેક પક્ષીઓ બાવળ પર જ માળો કેમ બાંધે? શિકારી પક્ષીઓ કે બિલાડી જેવા પ્રાણીઓ કાંટાના ડરથી આ માળાઓ સુધી પહોંચતા નથી. બાવળ એ પક્ષીઓ માટે કુદરતે બનાવેલું સુરક્ષિત ‘ઘર’. જો આપણે દેશી બાવળ કાઢી નાખીશું, તો આ નાનાં પક્ષીઓ ક્યાં જઈને પોતાના ઘરો બાંધશે?

દેશી બાવળના ગુણોની યાદી ઘણી લાંબી છે. નાનાપણમાં અમે મામાના ઘરે જતા ત્યારે દરરોજ સાંજે દેશીબાવળના દાતણ લઈને દેવીપૂજક પરિવારો આવતા. જમવાના બદલામા એ દાતણ આપતા. દાતણ આપનાર દેવીપૂજકોની ઓળખ જ પછી તો દાતણિયા તરીકેની થઈ. આજે સૌ મોંઘી ટૂથપેસ્ટ વાપરે છતાં દાંતના રોગો ઘટવાની જગ્યાએ વધ્યા છે, જ્યારે બાવળનું દાતણ કરનારના દાંત ને પેઢાં મજબૂત રહે છે.

બાવળનો ગુંદર સ્ત્રીઓના સ્વાસ્થ્ય માટે શક્તિવર્ધક ઉત્તમ માનવામાં આવે, દર શિયાળામાં કે પ્રસુતિ પછી સ્ત્રીઓને ગુંદર બાંધીને ખવડાવવામાં આવે એમાં દેશી બાવળનો ગુંદ વપરાય. આ ગુંદ એકત્રીત કરવાનું કામ પણ આર્થિક રીતે નબળા પરિવારો કરે. આમ એમનો નિભાવ પણ આ વૃક્ષ થકી થાય. એક રીતે કહીએ તો દેશીબાવળ એ પક્ષીઓનું ઘર, માણસોને છાંયો ને પશુઓને ચારો આપે એની સાથે સાથે અનેક નબળા પરિવારોને એ રોજી પણ આપે. તેના પાન, છાલ, બીજ એ ચામડીના રોગો, સાંધાના દુઃખાવા તેમજ પાચનતંત્રની સમસ્યામાં રામબાણ ઈલાજ એટલે એનું ઔષધિય મૂલ્ય પણ ઘણું.

અમે અનેક વૃક્ષો વાવીએ પણ એની સાથે દેશી બાવળનું સન્માન જળવાય એ પણ અમારુ લક્ષ્ય. આપણે ‘ગ્લેમર’ના ચક્કરમાં વિદેશી વૃક્ષો વાવીને આપણી જૈવવિવિધતાનો નાશ કરી રહ્યા છીએ. દેશી બાવળ ભલે દેખાવમાં બરછટ લાગે, પણ એ આ ધરતીનું અસલ સંતાન. એ કરકસરિયા જીવ જેવો. ઓછા પાણીમાં જીવે ને સામે ઘણું બધું આપે.

ગામના એ કાકાને જ્યારે મેં આ બધી વાતો કહી, ત્યારે એમણે ગદગદ થઈને કહ્યું, ‘આજ લગી અમે જેને નકોમો મોનતા એ તો અમારો હાચો ભેરુ. હવ ઈન નઈ કાપીએ.’

આપણા ખેતરના શેઢે કે તળાવના પાળે ઊભેલા આ ‘કંટકધારી સંત’ને ઓળખીએ એનું જતન કરીએ.